# શ્રી સારસ્વતમ સંચાલિત ભાનુશાલી લાલજી દેવજી અને શિવજી અરજણ મોથાળા હાઈસ્કૂલ

## મોથાળા, તા. અબડાસા – કચ્છ

### <u>શાળામાં વૃક્ષારોપણ પ્રોજેક્ટ અંગેનો અહેવાલ</u>

### <u>વર્ષ 2024-25</u>

સા.આ.નં. ૪૩૯/૨૦૨૫
તારીખ ૦૫/૦૯/૨૪

તા.20/7/2024

સ્થળ: શ્રી સા.સં. મોથાળા હાઈસ્કૂલ

આજરોજ તા.20/7/2024 ના શ્રી સારસ્વતમ સંચાલિત મોથાળા હાઇસ્કુલ માં વૃક્ષારોપણ નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કાર્યક્રમના અધ્યક્ષ આચાર્યશ્રી સંજયશરણ આર. શ્રીવાસ્તવ સાહેબ રહ્યા હતા તથા ઈકો ક્લબ  ઈન્ચાર્જ શ્રી એમ. બી. રાયચુરાના આયોજન મુજબ ભાવનીપર નર્સરી માથી દરેક જાત ના રોપાવૃક્ષારોપણમાટે લવામા આવેલ હતા. તેમાં વિધ્યાર્થીઓ તથા શાળા ના સેવક શ્રી એમ.એ. મીયાજી નો સહકાર મળેલ.  વિધ્યાર્થીઓ ને" છોડ માં રણછોડ છે"  તથા વૃક્ષ થી પ્રાપ્ત થતાં પ્રાણ વાયુ ઓક્સીજન નો મહત્વ સમજાવી વૃક્ષારોપણનો કાર્યક્રમ કરેલ. દરેક વિધ્યાર્થી ને વૃક્ષ રોપવાની સાથે તેની જતન કરવાની જવાબદારી નક્કી કરવા માં આવેલ. આ કાર્યક્રમ માં શાળા ના શિક્ષકશ્રીઓ નો ખુબજ સાથ સહકાર મળેલ જેમાં શ્રી એસ.પી.ચેનવા, શ્રી એ બી ભવા , શ્રી ધ્રુવ પી. જોશી, શ્રી નિખિલભાઇ ગોર, કુ. હિમાક્ષીબેન અજાણિયા , કુ. કાજલબેન પરમાર, કુ. રિધ્ધિબેન ભાનુશાલી પણ કાર્યક્રમમાં હજાર રહીને વિધ્યાર્થીઓ ની સાથે વૃક્ષ રોપવા માટે યોગ્ય  જગ્યા પસંદ કરેલ.

સવારે 10 વાગ્યે કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. અંદાજિત ૨૫૦ વૃક્ષોનું વાવેતર શાળા , મેદાન શાળા ફરતે તથા રમત ગમત મેદાન ફરતે સ્કૂલના વિદ્યાર્થીઓ ની મદદથી પૂરું કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ નું મુખ્ય હેતુ અને ધ્યેય એ હતું " **એક વૃક્ષ મા કે નામ** " જેના મુજબ દરેક વિધ્યાર્થીઓને એક એક વૃક્ષ આપવામાં આવેલું. આ કાર્યક્રમના ફોટાઓ પણ રાખેલ છે. આમ આ કાર્યક્રમ સફળ રહ્યો હતો અને બધા જ વિદ્યાર્થીઓ અને શિક્ષકો હોશભેર આ કાર્ય પૂરું કર્યું હતું. દરેક વિધ્યાર્થીને સૂચના આપવામાં આવેલ કે જે રોપા નું રોપણ કરવામાં આવેલ એનું મા ની જેમ જતન કરે.

















